GJBK030011702024

| | | |
|---|---|---|
| કેસ દાખલ તારીખ | : | ૦૬/૦૮/૨૦૨૪ |
| કેસ નોંધણીની તારીખ | : | ૦૬/૦૮/૨૦૨૪ |
| કેસ ફેંસલ તારીખ | : | ૦૭/૦૪/૨૦૨૬ |
| કેસ ફેંસલ તારીખ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૧ ૦૮ ૦૧ |

## જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડગામ

**ફોજદારી કેસ નં. ૯૨૭/૨૦૨૪**
**આંક :– ૩૧**

**શ્રી સરકાર**
**(છાપી પો.સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૫૦૦૯૨૪૦૩૧૬/૨૦૨૪ )** ......... *ફરીયાદી*

*વિરુધ્ધ*

**(૧) શૈલેષભાઈ મુળજીભાઈ ભુતડીયા**
ઉ.વ. ૩૪, ધંધો– ખેતી
રહે. નેતીવાડા, તા. વડગામ, જી.બનાસકાંઠા. .......... *આરોપી*

*તહોમત :– ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) અન્વયે*

=====================================

**રજુઆત** શ્રી સરકાર તરફે :– વિ. એ.પી.પી.શ્રી એમ. બી. તપોધન,
આરોપીઓ તરફે :– વિ.વ. શ્રી જી.બી. પરમાર.

=====================================

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ , | ૨૧/૦૬/૨૦૨૪ |
| એફ.આઈ.આર. ની તારીખ, | ૨૧/૦૬/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ , | ૩૦/૦૭/૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યાની તારીખ , | ૦૨/૦૯/૨૦૨૪ |
| પુરાવો શરૂઆતની તારીખ , | ૧૫/૧૦/૨૦૨૪ |
| ચુકાદો બાકી રાખ્યાની તારીખ , | –– |

| | |
|---|---|
| ચુકાદો રાખ્યાની તારીખ , | ૦૭–૦૪–૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ જો હોય તો , | |

**આરોપીઓની વિગત**

| આરોપી નો દરજ્જો | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | નોધાયેલ ગુનાની કલમ– | નિર્દોષ કે દોષિત | સજા ફરમાવ વામાં આવી | ક્રિમી. પ્રો. કોડની કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો. |
|---|---|---|---|---|---|---|---|
| – | **શૈલેષભાઈ મુળજીભાઈ ભુતડીયા,** | ૨૪/૬/૨૦૨૪ | ૨૪/૬/૨૦૨૪ | ઈ.પી.કો. કલમ– *૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),* | નિર્દોષ | – | – |

## – : ઠરાવ : –

**(૧)** આ કામે વર્તમાન આરોપીઓ વિરુઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું ચાર્જશીટ આંક–૧ થી ઘડવામાં આવેલ છે.

**હકીકત :–**

**(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

આ કામના તહોદારના પીતાજી એ ફરીયાદીની કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ કંપનીમાથી મકાન ઉપર લોન લોધેલ હોય જે લોનનો સમયસર હપ્તો ભરતા ન હોય જેથી ફરીયાદીની કંપનીના કર્મચારીઓ લોનની રીકવરી માટે તહોના ધરે જતા ફરીયાદી એરીયા કલેકશન મેનેજર તરીકે ફરજ બજાવતા હોય જેથી ફરીયાદીને લોનના સેટલમેંટ માટે તેનીવાડા કિશાન પાર્લર ઉપર બોલાવી તહો. એ જેમ તેમ ગાળો બોલી

ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા બાબત.

**પોલીસ કાર્યવાહી :–**

**(૩)** ફરીયાદીએ આ અંગેની ફરીયાદ છાપી પો.સ્ટે. ગુ. રજી. નં. ગુ. રજી. નં. ૧૧૧૯૫૦૫૫૨૪૦૩૧૬/૨૦૨૪ થી નોંધાવતાં, આરોપીઓ સામેભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ નો ગુનો નોંધવામાં આવેલો. તે ગુનાના આધારે સદર ગુનાની તપાસ આ કામના ત.ક.અ.શ્રી ને સોપતાં, ત.ક.અ.શ્રીએ લાગતા– વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ક્રિમી. પ્રો. કોડની કલમ–૧૭૩(૨) મુજબ આરોપી સામે પોલીસ અહેવાલ(ચાર્જશીટ) અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવતાં તેને ફોજદારી રજીસ્ટરે લઈ, ફોજદારી કેસ નં. ૯૨૭/૨૦૨૪ આપવામાં આવેલ.

**કોર્ટ– કાર્યવાહી :–**

**(૪)** પોલીસ અહેવાલ મુજબ ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ– ૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), મુજબના ગુનાઓ અંગેનું સંજ્ઞાન લઈ, આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતાં, આરોપીઓ કોર્ટમાં હાજર થતા, આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ– ૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ વિના મુલ્યે પુરી પાડી આરોપી સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવી, સદર ગુના અંગે આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ– ૨૪૦ મુજબ, આંક –૦૪ આરોપીનું પ્રાથમિક નિવેદન નોંધેલ, પરંતુ આરોપીને ગુન્હો કબુલ ન હોય, કેસ આગળ ચલાવવા માંગણી કરતાં ફોજદારી કાર્યરિતી અધિનિયમ કલમ– ૨૪૨ અન્વયે ફરીયાદપક્ષનો કેસ પુરાવો પર રાખવામાં આવેલ.

**ફરિયાદ પક્ષે મૌખિક પુરાવો :–**

(૫) ફરીયાદપક્ષે પોતાનો કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવો રજુ થયેલ છે.

| **ક્રમ** | **–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી– પવન અરવિંદભઈ મોદીની સોગંદ ઉપર જુબાની | ૧૨ |
| ૨ | પંચ– નારણભાઈ મુળજીભાઈ ભીલની સોગંદ ઉપર જુબાની | ૧૫ |
| ૩ | પંચ– મહેશકુમાર મોહનભાઈ ભીલની સોગંદ ઉપર જુબાની | ૧૭ |
| ૪ | સાહેદ–કૌશીકકુમાર નરસંગભાઈ ચૌધરીની સોગંદ ઉપર જુબાની | ૧૮ |
| ૫ | સાહેદ– પ્રવીણભાઈ ફલજીભાઈ ચૌધરીની સોગંદ ઉપર જુબાની | ૧૯ |
| ૬ | સાહેદ– વીપુલકુમાર ફલજીભાઈ ચૌધરીની સોગંદ ઉપર જુબાની | ૨૦ |
| ૭ | સાહેદ– દિનેશભાઈ સવજીભાઈ ચૌધરીની સોગંદ ઉપર જુબાની | ૨૧ |
| ૮ | સાહેદ– ભાઈલાલ રતીલાલ પટેલની સોગંદ ઉપર જુબાની | ૨૩ |
| ૯ | ત.ક.અ. શ્રી મુળરાજસીંહ વીરાજીની સોગંદ ઉપર જુબાની | ૨૬ |

**<u>ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવો :–</u>**

(૬) ફરીયાદપક્ષે પોતાનો કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવો રજુ થયેલ છે.

| **ક્રમ** | **–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ અસલ | ૧૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૩ | સુચીપત્ર | ૨૭ |

## (૬) આરોપીનું વિશેષ નિવેદન :–

આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ– ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની સામે પડેલ પુરાવાઓની ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, અમારી સામે ખોટો કેસ કરેલ છે અને અમો નિર્દોષ છીએ.

**(૭)** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ ફરીયાદી સાથે પ્લોટ બાબતે ઝઘડો કરી, માર મારી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી તથા અન્ય સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જેથી આરોપીઓને કડકમાં કડક સજા કરવી જોઈએ તેવી દલીલ કરેલ છે.

**(૭.૧)** આ કામે આરોપીના વિ.વ.શ્રી ને સાંભળ્યા. આરોપીના વિ.વ.શ્રીને પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી તથા અન્ય સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ કામે તટસ્થ સાહેદોને તપાસેલ નથી કે તટસ્થ સાહેદોના આ કામે નિવેદન લીધેલ નથી જેથી આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૮)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીની રજુઆતોને ધ્યાને લેતાં, કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોદારના પીતાજી એ ફરીયાદીની કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ કંપનીમાથી મકાન ઉપર લોન લોધેલ હોય જે લોનનો સમયસર હપ્તો ભરતા ન હોય જેથી ફરીયાદીની કંપનીના કર્મચારીઓ લોનની રીકવરી માટે તહોના ધરે જતા ફરીયાદી એરીયા કલેકશન મેનેજર તરીકે ફરજ બજાવતા હોય જેથી ફરીયાદીને લોનના સેટલમેંટ માટે તેનીવાડા કિશાન પાર્લર ઉપર બોલાવી તહો. એ જેમ તેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**(૯) મુદ્દા નં. ૧ :-**

હાલના કામે આરોપી વિરુધ્ધ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે અનુમાન કરવાનું રહે છે. નામદાર કોર્ટ ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાની ચુકે તો, સ્થિતિનો લાભ આરોપી પક્ષને મળવાપાત્ર થાય છે. આ સંજોગોમાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર થાય છે. જે સંદર્ભે **૨૦૦૨(૫) એસ.સી.સી. પાના -૨૩૪, દેવેન્દ્રપાલસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ એન.સી.ટી. દિલ્હી અને બીજાઓ**ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે કે,...

'' કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા, જજે ક્રિમીનલ ટ્રાયલ ચલાવતી વેળા એક નિર્દોષ માણસને સજા ન થાય તે જોવાનું છે, પરંતુ સાથે સાથે જજે એ પણ જોવાનું છે કે, એક દોષિત છુટી ન જાય''

આમ, ઉપરોકત ચુકાદો વંચાણે લેતા પણ, તે સિધ્ધાંત જ તરી આવે છે તથા આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષે વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવાનો રહે છે. જો ફરીયાદપક્ષ ના કેસમાં કોઈપણ શંકા જણાય તો, તેનો લાભ ચોકકસ પણે આરોપીને મળવાપાત્ર થાય છે, પરંતુ સદર શંકા વ્યાજબી હોવી જોઈએ, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ મેથેમેટીકલ સર્ટીનિટીથી સાબિત કરવાનો નથી. જો ફરીયાદપક્ષના કેસમાં કોઈ વ્યાજબી શંકા ન હોય, તો તે પુરતું છે.

**ફરીયાદીનો પુરાવો :-**

**(૧૦)** સદર કામે ફરીયાદપક્ષે ફરીયાદી **પવન અરવીંદભાઈ મોદી**ને **આંક-૧૨** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, અમારે અને આરોપી વચ્ચે લોન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઇ બનેલ નહી. આરોપીએ મને કોઈ માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. અમોએ આવેશમાં આવીને હાલની ફરીયાદ આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવું છું. જે ફરીયાદ આંક- ૧૩ થી રજુ છે. તેઓએ આરોપીને ઓળખી બતાવેલ છે.

આ કામે ફરીયાદી ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારે અને આરોપી વચ્ચે લોન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીએ અમોને કોઈ માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદના કામે લીધેલ તમામ સાહેદો અમારા સ્ટાફના માણસો છે.

**સાહેદોનો પુરાવો :-**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદ કૌશીકકુમાર નરસંગભાઈ ચૌધરીને આંક -૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, હુ કેપ્રી ફાયનાન્સમાં નોકરી કરુ છુ અને બનાવ સમયે હુ તથા પવનભાઈ બંને જણા કેપ્રી ફાયનાન્સમાં નોકરી કરતા હોય તેનીવાડા ગામના શૈલેષભાઈ મુળજીભાઈ ચૌધરીની ફાયનાન્સની લોનના હપ્તા બાકી હોય તેની ઉઘરાણી કરવા સારુ પવનભાઈને તેઓને મળવુ હોય મને તેમની સાથે મુલાકાત કરાવવા સારુ ફોન કરતા

મે તેઓની હાઈવે ઉપર આવેલ કિશાન પાર્લર ખાતે બંને જણાને મુલાકાત કરાવેલી અને ત્યારબાદ મારે પરીવાર સાથે પાટણ જવાનુ હોય હુ ત્યાંથી નીકળી ગયેલો. ત્યારબાદ મારા ઉપર પવનભાઈનો ફોન આવેલો અને તેઓએ મને જણાવેલ કે શૈલેષભાઈ મને વીઝીટ અંગેના ફોટા પાડવા દેતા નથી અને તેઓની સાથે બોલાચાલી થયેલી તેવુ મને પવનભાઈએ જણાવેલ આ સીવાય હું બીજુ કાંઈ જાણતો નથી. બનાવ બાબતે ફરીયાદ થતા પોલીસે મારી પુછપરછ કરી નીવેદન લીધેલુ.

આ કામે સાહેદ ફરીયાદીની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે મારુ નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતો નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદ **પ્રવીણભાઈ ફલજીભાઈ ચૌધરી**ને **આંક–૧૯** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે બારેક માસ અગાઉ હુ મારા કિશન પાર્લર ઉપર તેનીવાડા મુકામે હાજર હતો ત્યારે સાંજના આશરે નવેક વાગ્યાના સુમારે અમારા ગામના શૈલેષભાઇ આવેલ હતા અને તે વખતે બીજા એક બેંકના સાહેબ પણ ત્યાં આવેલ હતા અને તે બંને જણા લોન બાબતેની વાતચીત કરતા હતા તે સીવાય બીજુ કાંઈ બનેલ હોય તેવુ મે જોયેલ નથી કે મને ખબર નથી. હુ આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

આ કામે સાહેદ ફરીયાદીની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે મારુ

નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતો નથી.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદ **વીપુલકુમાર ફલજીભાઈ ચૌધરી**ને **આંક–૨૦** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે બારેક માસ અગાઉ હુ મારા ઘરે હાજર હતો ત્યારે મારા મોબાઈલ ઉપર પવન મોદીનો ફોન આવેલો અને મને આગમન હોટલ ઉપર બોલાવેલ તેથી હુ આગમન હોટલે ગયેલો અને ત્યાં પવનભાઈ મને મળેલા. પવનભાઈ કેપ્રી ફાયનાન્સ બેંકમાં નોકરી કરતા હોય તેના લોનના હતાનુ કલેશ્કન કરવા સારુ તેનીવાડા મુકામે ગયેલ હતા અને તે વખતે તેઓની સાથે કોઈ બે–ત્રણ વ્યક્તિઓ ઝગડો કરી તેમને માર મારેલ હોવાની વાત મને કરેલી. આ સીવાય હુ બીજુ કાંઈ જાણતો નથી.

આ કામે સાહેદ ફરીયાદીની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે મારુ નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતો નથી.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદ **દિનેશભાઈ સવજીભાઈ ચૌધરી**ને **આંક–૨૧** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ બાબતે અમો કાંઈ જાણતા નથી. બનાવમાં શુ બનેલુ તેની મને ખબર નથી. મારા ઉપર પોલીસ સ્ટેશનથી ફોન આવેલો અને હુ પો.સ્ટે.ગયેલો. પોલીસે મારુ નામ–સરનામું પુછેલુ તે સીવાય બીજુ કાંઈ પુછેલ નહી.

આ કામે સાહેદ ફરીયાદીની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ

બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે મારુ નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતો નથી.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદ **પ્રવીણભાઈ ફલજીભાઈ ચૌધરી**ને **આંક–૧૯** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે બારેક માસ અગાઉ હુ મારા કિશન પાર્લર ઉપર તેનીવાડા મુકામે હાજર હતો ત્યારે સાંજના આશરે નવેક વાગ્યાના સુમારે અમારા ગામના શૈલેષભાઇ આવેલ હતા અને તે વખતે બીજા એક બેંકના સાહેબ પણ ત્યાં આવેલ હતા અને તે બંને જણા લોન બાબતેની વાતચીત કરતા હતા તે સીવાય બીજુ કાંઈ બનેલ હોય તેવુ મે જોયેલ નથી કે મને ખબર નથી. હુ આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

આ કામે સાહેદ ફરીયાદીની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે મારુ નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતો નથી.

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદ **ભાઈલાલ રતીલાલ પટેલ**ને **આંક–૨૩** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, અમો કેપરી ફાઈનાન્સ કંપનીમાં મેનેજર તરીકેની નોકરી કરુ છું. હું મારી કંપનીની ઓફીસના સમયે ઓફીસે આવેલ હતો પવનભાઈ મોદીનો ફોન આવેલો અને મને આગમન હોટલ ઉપર બોલાવેલ તેથી હુ આગમન હોટલે ગયેલો અને ત્યાં પવનભાઈ મને મળેલા. પવનભાઈ કેપ્રી ફાયનાન્સ બેંકમાં નોકરી કરતા હોય તેના લોનના હપ્તાનુ કલેક્શન કરવા સારુ તેનીવાડા મુકામે ગયેલ હતા અને તે વખતે તેઓની સાથે કોઈ બે–ત્રણ વ્યક્તિઓ ઝગડો કરી તેમને માર મારેલ હોવાની વાત

મને કરેલી. આ સીવાય હુ બીજુ કાંઈ જાણતો નથી.

આ કામે સાહેદ ફરીયાદીની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ, એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે મારુ નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતો નથી.

**(૧૭)** આ કામે ત.ક.અ. શ્રી **મુળરાજસીંહ વીરાજી**ને **આંક–૨૬** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, અમો સને–૨૦૨૪ માં છાપી પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ.શ્રી ભરતસીંહ રતનસીંહ નાઓએ છાપી પો.સ્ટે.ગુના રજી નં. ૩૧૬ /૨૦૨૪, ઈ.પી.કો. મ–૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમથી અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ જે ડેપ્યુટ હુકમને રજુ દાખલ આંક:–૨૭ તપાસના કામે અમોએ ફરીયાદીશ્રી પવન અરવીંદભાઈ મોદીનાઓએ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ અમારી રૂબરૂની ફરીયાદ આપેલ જે આંક:–૧૩ થી રજુ છે તે જ છે. તેમજ તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કલાક ૧૮.૦૦ થી ૧૮.૩૦ સુધીનુ કરી લીધેલ જે પંચનામુ મને બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ જે પંચનામુ આંક:–૧૬ થી રજુ છે તે જ છે. ત્યારબાદ આરોપીને તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ Crpc ની કલમ–૪૧(૧)ડી મુજબની નોટીસ આપી નામદાર કોર્ટમાં હાજર રહેવા માટેની સમજણ કરેલ. મારી તપાસ દરમ્યાન આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે આરોપીનો મુક્તિ રીપોર્ટ હોય બચાવપક્ષે આરોપીની ઓળખની તકરાર નથી.

આ કામે ત.ક.અ.શ્રીની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુન્હાની તપાસ અમોને પી.એસ.ઓ.શ્રીએ લેખીતમાં આપેલી. અમોએ તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ગુન્હાવાળી જગ્યાની આજુબાજુમાં દુકાનો આવેલી છે અને ત્યાં લોકોની અવર–જવર રહે છે. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૧૮) સદર કામે આરોપી સામે મુખ્ય આક્ષેપિત ભારતીય **દંડ સહિતાની કલમ–૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ),** મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

Section 323 of IPC, 1860 :- Punishment for voluntarily causing hurt.

"Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may be extend to one thousand rupees, or with both.

Section 506 of the IPC, 1860 :-Punishment for criminal intimidation :-

Whoever commits, the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both. If threat be to cuase death or grievous hurt, etc.- And if the threat be to cause death or grievous hrt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [ imprisonment for life], or with imprisonment for a term whcih may extend to seven years, or to impute, unchasity to a woman, shall be punished with imprisonment of either descriiption for a term whcih may extend to seven years, or with fine, or with both.

Section 294(KH) of IPC, 1860:-Intentional insult with intent to provoke

<u>breach of the peace :-</u>

> "Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

ઉપરોકત કલમોના આવશ્યક તત્વોને હાલના કેસની હકીકતો તથા રેકર્ડ પર આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે ધ્યાનપુર્વક સરખાવવામાં આવે તો, તે મુજબના કોઈપણ આવશ્યક તત્વો હાલના કામે આચરવામાં આવેલ ગુનાની હકીકતો સાથે જરાપણ બંધબેસતા હોય તેમ જણાતું નથી કે, ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તેમના સગા થતા હોઈ અને તમામા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો કરેલ નથી.

**(૧૯) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ. એચ. પાના નં. ૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,**

> In order to convict an accused under section 504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by section 504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence in order to convict an accused under section 506(2) of Indian Penal Code, the threat as contemplated in section 506 must cause alarm in the mind of person so threatened.

આમ, ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો માનસહ વંચાણે લેતાં તેમજ ઉપર ચર્ચા પ્રમાણેની હકીકતો રેકર્ડ ઉપર આવેલી ન હોઈ, આરોપી વિરુધ્ધ આઈ.પી.સી. કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), મુજબના ગુનાનું તહોમત નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી.

**પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૦)આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે ફરીયાદી પવન અરવીંદભાઈ મોદી નો પુરાવો આંક–૧૨ થી નોંધાવેલ છે. આ કામે ફરીયાદીએ તેમની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આ કામે ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારે અને આરોપી વચ્ચે લોન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીએ અમોને કોઈ માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આમ, ફરીયાદીની ઉલટ તપાસ જોતા આ કામના આરોપી એ ફરીયાદીને ગડદાપાટુ નો માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની ઉલટ તપાસ જોતાં જણાઈ આવતી નથી. આમ, ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો નથી. આ કામે સાહેદ કૌશીકકુમાર નરસંગભાઈ ચૌધરીનો પુરાવો આંક–૧૮ થી તથા અન્ય સાહેદ પ્રવીણભાઈ ફલજીભાઈ ચૌધરીનો પુરાવો આંક–૧૯થી તથા અન્ય સાહેદ વીપુલકુમાર ફલજીભાઈ ચૌધરીનો પુરાવો આંક–૨૦ થી તથા અન્ય સાહેદ દિનેશભાઈ સવજીભાઈ ચૌધરીનો પુરાવો આંક–૨૧ થી તથા અન્ય સાહેદ ભાઈલાલ રતીલાલ પટેલનો પુરાવો આંક–૨૩ થી નોંધાયેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં ફરીયાદની હકીકત ને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આ કામે સાહેદની ઉલટ તપાસ

ધ્યાને લેવામાં આવે તો, તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનું નામ– સરનામુ પુછેલ તે સીવાય બીજુ કાંઈ જાણતા નથી. આમ, આ સાહેદોની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપીએ ફરીયાદીને ગડદાપાટુ નો માર મારી, ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત સાહેદની ઉલટ તપાસ જોતાં જણાઈ આવતી નથી. આમ, આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો નથી.

આ કામે આંક–૧૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ છે. આ પંચનામું કબુલ કરતાં તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ આ કામે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં, જે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. જેથી આ પંચનામાની હકીકતને મૌખિક પુરાવાથી સમર્થન મળતું ના હોઈ જેથી આ પંચનામાનું ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતું નથી.

આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા ઉપરથી ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી, ઈજા કરી, ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં. ૧** નો જવાબ **નકાર**માં આપી **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવેલ છે.

**–૦ હુ ક મ ૦–**

૧. ક્રિમીનલ પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આરોપી **શૈલેષભાઈ મુળજીભાઈ ભુતડીયા** રહે. નેતીવાડા, તા. વડગામ,જી.બનાસકાંઠા નાઓને ઈન્ડીયન પીનલ કોડ, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ હાજરીના બાંહેધરીના દરેક આરોપીએ રૂ.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. વડગામ
તા. ૦૭/૦૪/૨૦૨૬

**( ચંદ્ર શેખર શર્મા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડગામ
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨